### સંજાણ ખાડી નજીક ખાનગી જમીનમાં પુરાણ માટે વેસ્ટ ઠલવાયો



ઉમરગામ : સંજાણ ખાડી નજીક પુરાણ માટે વેસ્ટ ઠલવાતા જીપીસીપીને જાણ કરવામાં આવી હતી. ઉમરગામ તાલુકાના સંજાણ ગામે ભીલખાડી ફળિયા કોલી ખાડી નજીક આવેલી ખાનગી જગ્યામાં બહારથી વેસ્ટ લાવી પુરાણ કરવામાં આવી રહ્યું હોય ખાડી પ્રદૂષિત થવાની ભીતિ વ્યક્ત કરાઈ રહી છે. જાણ થતા જ સંજાણ ગ્રામ પંચાયત દ્વારા કામગીરી હાલ તુરંત બંધ કરાવી હતી. વધુમાં તાલુકા વિકાસ અધિકારીને તથા જીપીસીપીને પણ તપાસ કરવા આ અંગે જાણ કરી હોવાનું જાણવા મળી રહ્યુ છે. (ઉમેશ સોલંકી)

# નવસારીનું એર ક્વોલિટી મોનિટર બંધ

**મનપાના લાખ્ખો પાણીમાં**

**‘ગઈ** ભેંસ પાણી મેં’ જેવી સ્થિતિ, સોશિયલ મીડિયામાં ભારે ચર્ચા

**ટીવી** સ્ક્રીન પર દર્શાવાતી માહિતી ત્રણ દિવસ જૂની હોવાનું સામે આવતાં નાગરિકોમાં અસંતોષ



નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં હવા પ્રદૂષણની સ્થિતિ પર સતત નજર રાખવાના હેતુથી લગભગ લાખો રૂપિયાનાં ખર્ચે એર ક્વોલિટી મોનિટર લાવવામાં આવ્યું હતું. આ મોનિટરથી મળતી પ્રદૂષણની માહિતી નાગરિકો સુધી પહોંચે તે માટે મહાનગરપાલિકા કચેરીમાં જાહેર જનતા માટે ટીવી સ્ક્રીન પણ મૂકવામાં આવી હતી, જેમાં હવામાં રહેલી પ્રદૂષણની માત્રા દર્શાવવામાં આવતી હતી.

શરૂઆતમાં આ વ્યવસ્થા માત્ર એકાદ અઠવાડિયું જ યોગ્ય રીતે કાર્યરત રહી હતી. ત્યારબાદ કચેરીમાં લગાવેલી ટીવી સ્ક્રીન પર દર્શાવાતી માહિતી ત્રણ દિવસ જૂની હોવાનું સામે આવતાં નાગરિકોમાં અસંતોષ ફેલાયો હતો. હવા પ્રદૂષણ જેવી ગંભીર બાબતમાં અપડેટ ન થયેલી માહિતી દર્શાવાતી હોવાને કારણે સમગ્ર આયોજનની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન ઊભો થયો હતો.

આ બાબતે પાલિકા તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં તે દિવસથી આજદિન સુધી એર ક્વોલિટી મોનિટર ફરી કાર્યરત કરવામાં આવ્યું નથી. હાલ મોનિટર સંપૂર્ણપણે બંધ હાલતમાં હોવાનું જાણવા મળે છે. પરિણામે, મોંઘા ખર્ચે લાવવામાં આવેલી આ જનહિતની યોજના ‘ગઈ ભેંસ પાણી મેં’ જેવી સ્થિતિમાં પહોંચી ગઈ હોવાની ચર્ચા છે.

શહેરમાં વધતા વાહનવ્યવહાર, સતત બાંધકામ પ્રવૃત્તિઓ અને પ્રદૂષણના વધતા સ્તર વચ્ચે આવી મહત્વપૂર્ણ વ્યવસ્થા બંધ રહેતા જાહેર નાણાંના વેડફાટ અંગે પણ પ્રશ્નો ઊઠી રહ્યા છે. નાગરિકો દ્વારા માંગ ઉઠાવવામાં આવી રહી છે કે મહાનગરપાલિકા આ બાબતે સ્પષ્ટ જવાબ આપે, મોનિટર બંધ રહેવાના કારણો જાહેર કરે અને તાત્કાલિક રીતે તેને ફરી કાર્યરત કરીને શહેરવાસીઓને હવાની તાજી અને વિશ્વસનીય માહિતી ઉપલબ્ધ કરાવે.

આ સમગ્ર મુદ્દે હાલ સોશિયલ મીડિયામાં ભારે ચર્ચા ચાલી રહી છે, જ્યાં નાગરિકો જવાબદારી અને પારદર્શિતાની માંગ સાથે ખુલ્લેઆમ અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે.

# પારડી હાઈવે પર 5 કાર વચ્ચે વિચિત્ર અકસ્માત સર્જાયો

**હાઇવે** પર ચાલી રહેલી કામગીરીને લઇ ધીમી ગતિએ પસાર થતા વાહનો પાછળ પુરઝડપે આવતી એક કાર ઘુસી ગઇ





અમૃત પટેલ

પારડી : પારડી ત્રિમૂર્તિ મંદિર સામે હાઈવે પર ચાલી રહેલી કામગીરીને લઈ ધીમી ગતિએ પસાર થતા વાહનોમાં પાછળથી પુરઝડપે આવતી એક કાર આગળ ઉભેલા વાહનોમાં અથડાતા પાંચ વાહન વચ્ચે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. પારડી હાઈવે નંબર 48 ઉપર વલસાડથી વાપી જતા ટ્રેક ઉપર હાઈવેની કામગીરી ચાલી રહી છે. જેને લઈ વાહનો ધીમી ગતિએ પસાર થઈ રહ્યા હતા. ત્યારે આજરોજ બપોરે પૂરઝડપે આવતી ક્રેટા કાર નંબર જી.જે. 06 કે.ડી. 3069 ના ચાલકે આગળ ઉભેલી અન્ય ચાર કાર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં હેરિયર કાર નંબર જી.જે. 06 પી.જે. 0034 તથા તેની આગળ ઉભેલી ફોર્ડ કાર ન. જી.જે. 15 સી.જે. 3902 તેની આગળ હોન્ડા સિટી કાર નંબર ડી.એન. 09 કે. 2084 તથા તેની આગળ ઉભેલી ગ્રાન્ડ વિટારા કાર નં. જી.જે. 15 સી.આર. 9788 પાંચ કાર એક પાછળ એક અથડાઈ હતી. જેને લઈ પાંચ કારોમાં નુકસાન થવા પામ્યું હતું. જો કે સદનસીબે કારમાં સવારોનો બચાવ થયો હત. પારડી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# ૩૧ જાન્યુઆરી સુધીમાં પાલતું પ્રાણીઓનું રજિસ્ટ્રેશન ફરજિયાત

**પાલતુ** પ્રાણીઓના નિયંત્રણ માટે મહાનગરપાલિકાની કાર્યવાહી, ટેગિંગ વિના પકડાયેલા પ્રાણીઓ પાંજરાપોળમાં મોકલાશે

નવસારી : નવસારી મહાનગરપાલિકાના રખડતા ઢોર અંકુશ વિભાગ દ્વારા શહેરમાં પાલતુ પ્રાણીઓના નિયંત્રણ માટે મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

તા. ૦૮-૦૧-૨૦૨૪થી પાલતુ પ્રાણીઓના રજિસ્ટ્રેશન માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી, છતાં હજુ પણ અનેક પાલતુ પ્રાણી માલિકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું નથી. શહેરમાં પાલતુ પ્રાણીઓથી થતી અસુવિધા અટકાવવા માટે હવે તમામ પાલતુ પ્રાણી માલિકોને તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા પાલતુ પ્રાણીઓનું ટેગિંગ કરવાની કાર્યવાહી પણ ચાલુ છે. હાલ સુધી અંદાજે ૧૬૭ પાલતુ પ્રાણીઓનું ટેગિંગ અને રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

ટેગિંગ તથા રજિસ્ટ્રેશન કરાવવાની સંપૂર્ણ જવાબદારી પાલતુ પ્રાણી માલિકની રહેશે. રખડતા ઢોર અંકુશ વિભાગ દ્વારા જાહેર રસ્તાઓ પર રખડતા કે ટેગિંગ વિના ફરતા પાલતુ પ્રાણીઓને પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે.

પકડાયેલા પાલતુ પ્રાણીઓને પાંજરાપોળમાં મુકવામાં આવશે. ટેગિંગ વગરના પકડાયેલા પાલતુ પ્રાણીઓના માલિકો સામે નિયમ મુજબ દંડ સહિત કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. મહાનગરપાલિકાએ પાલતુ પ્રાણી માલિકોને અપીલ કરી છે કે સમયમર્યાદામાં રજિસ્ટ્રેશન અને ટેગિંગ કરાવી શહેરમાં શાંતિ, સ્વચ્છતા અને જાહેર સલામતી જાળવવામાં સહયોગ આપે.

# પારડીના NDPS ગુનામાં નાસતો ફરતો રીઢો ગુનેગાર ઝડપાયો



પારડી : વલસાડ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાંચે પારડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા માદક પદાર્થના NDPS ગુનામાં નાસતા ફરતા આરોપીને બાતમીના આધારે ઝડપી લીધો હતો. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા દ્વારા ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આપવામાં આવેલી સૂચના હેઠળ એલસીબી પીઆઈ ઉત્સવ બારોટના માર્ગદર્શનમાં વિશેષ ટીમ બનાવવામાં આવી હતી.

આ અભિયાન અંતર્ગત, એલસીબીના પોકો. દશરથ જગદીશ અને વિવેક ઘનશ્યામને મળેલી સંયુક્ત બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે પારડી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપી અર્જુન પ્રતાપ પટેલ (રહે. ગામ-ધગડમાળ, જુના નિશાળ ફળીયુ, તા.પારડી) ને તેના ગામમાંથી જ દબોચી લીધો હતો.

પકડાયેલા આરોપી સામે અગાઉ નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ મુજબ અને ધરમપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૫ મુજબ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

# નવસારી જિલ્લામાં હેલ્મેટ અને સીટબેલ્ટના અભાવે મોટી જાનહાનિ

**ટ્રાફિક** પોલીસની ટૂંકા-લાંબા ગાળાની કાર્યવાહી

**નવસારી** જિલ્લોમાં ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન કુલ ૧૭ જીવલેણ માર્ગ અકસ્માત નોંધાયા

નવસારી : ઝડપી જીવનશૈલી અને બેદરકારીને કારણે માર્ગ અકસ્માતો ગંભીર સમસ્યા બની રહ્યા છે. નવસારી જિલ્લોમાં ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન કુલ ૧૭ જીવલેણ માર્ગ અકસ્માત નોંધાયા હતા. આ અકસ્માતોના વિશ્લેષણમાં ખુલ્યું છે કે મોટાભાગે ગુણવત્તાયુક્ત કે યોગ્ય રીતે હેલ્મેટ ન પહેરવું, સીટબેલ્ટ ન બાંધવો, અતિઝડપ, વાહનચાલકોની ગફલત અને ટ્રાફિક નિયમોના ભંગ જેવા કારણો જવાબદાર રહ્યા છે.

વિશેષ કરીને મોટરસાઈકલ સ્લીપ થવાથી તથા થાંભલા સાથે અથડાવાના બનાવોમાં એક જ મહિનામાં ૦૪ મોટરસાઈકલ ચાલકોના મૃત્યુ થયા હતા. ટ્રાફિક પોલીસના જણાવ્યા મુજબ જો આ તમામ ચાલકોએ યોગ્ય રીતે હેલ્મેટ પહેર્યો હોત, તો જીવ બચવાની પૂરી શક્યતા હતી.

જિલ્લામાં હાઈવે તેમજ ગ્રામીણ વિસ્તારોમાં બાઈક, કાર, રિક્ષા, ટેમ્પો, ટ્રક અને રાહદારીઓ સંકળાયેલા અકસ્માતોમાં પાછળ બેસનાર અને રાહદારીઓ પણ સામાન્યથી લઈને ગંભીર રીતે ઘવાય છે. માર્ગ અકસ્માતોને નિવારવા માટે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા કેસ ટુ કેસ સ્ટડી કરીને ટૂંકા અને લાંબા ગાળાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ડિવાઈડર પર એન્ટી-ગ્લેર, સર્વિસ રોડનો ઉપયોગ, સ્પીડ લિમિટ અને યુ-ટર્નના બોર્ડ, રમ્બલ સ્ટ્રીપ, સ્પીડ બ્રેકર, ઝેબ્રા ક્રોસિંગ, રિફ્લેક્ટર લાઇટ્સ તથા રહેણાંક વિસ્તારના ચેતવણી બોર્ડ લગાવવામાં આવ્યા છે. સાથે જ હેલ્મેટ પહેરવા અને રોડ સેફ્ટી અંગે જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

સરકાર અને તંત્ર પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ નિયમોનું પાલન કરવું દરેક નાગરિકની જવાબદારી છે. હેલ્મેટ, સીટબેલ્ટ અને નિયંત્રિત ગતિ–આ ત્રણ બાબતો અપનાવવાથી અનેક પરિવારોને શોકમાંથી બચાવી શકાય છે.

### લાકડાની ટ્રક પકડાવી દીધેલાની શંકામાં ભીલાડમાં વેપારીને ત્રણ શખ્સની ધમકી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના ભીલાડ મિલત નગર ખાતે ફરિયાદી અબ્બાસ ખાન પરિવાર સાથે રહે છે અને સરીગામ ખાતે એ.કે રોડ લાઈન્સ ટ્રાન્સપોર્ટ તથા ખેરના લાકડાનો વેપાર કરે છે. આ કામના તહોમતદાર ઉસ્માન ઉર્ફે જુમ્મન અજમલ શેખ પણ ખેરના લાકડાનો વેપાર કરતા હોય મનોરમાં તેઓની લાકડાની ટ્રક ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટે બે મહિના પહેલા પકડી હતી. ટ્રકની બાતમી આપેલી હોવાની શંકા રાખી તહોમતદાર ઉસ્માન ઉર્ફે જુમ્મન તથા ફરમાન અલી ઉર્ફે છોટુ અજમલ શેખ અને જૈદ શેખ (તમામ રહે વાપી ડુંગરી ફળિયા)એ ભીલાડ આવી ફોન ઉપર ઉસ્માને તુજે જાન સે માર દેગે એવી રીતે ગાળો આપી ધમકી આપી જતા રહ્યા હતા. ભીલાડ પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મ્યુલ એકાઉન્ટમાં સંડોવાયેલા આરોપીના જામીન નામંજૂર

વલસાડ : વલસાડ પોલીસે મ્યુલ એકાઉન્ટ ધારકોની તપાસ હાથ ધરી તેમની સામે ગુનાઓ દાખલ કરવાની શરૂઆત કરી હતી. જેમાં વાપીના એક યુવક વિરૂદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ યુવકની પોલીસે રૂપિયા 20.12 લાખના ગુનામાં ધરપકડ કરી હતી. જેણે જામીન માટે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એન. એચ. વકીલે આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. વાપીમાં કંચન નગરમાં રહેતા નોમાન ઈલ્યાસ ઘાંચીએ પૈસાની લાલચે તેના સાથી ઝૈદ ઉર્ફે સાનુ હનિફ શેખના કહેવાથી પોતે અને અન્ય સાથી અભિષેક સાથે જુદી જુદી બેંકમાં ખાતા ખોલાવી અંદાજીત રૂ. 20.12 લાખની સાઈબર ફ્રોડની રકમ આ ખાતાઓમાં જમા કરી હતી. જેનું મ્યુલ એકાઉન્ટ પોલીસના સર્વેલન્સમાં આવી જતાં પોલીસે તેના વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસમાં જામીન પર છૂટવા નોમાન ઈલ્યાસ ઘાંચીની જામીન અરજી જજે નામંજૂર કરી દીધી છે.

**હાલાકી** માર્ગ મકાન વિભાગના અધિકારીઓના મનઘડત નિર્ણયને પગલે

# ચીખલીનો ટ્રાફિકજામ લોકો માટે માથાનો દુ:ખાવો



ધર્મેશ પટેલ

**માર્ગ** મકાન દ્વારા અક્કલનું પ્રદર્શન કરી કોલેજ સર્કલ પાસે કોન્ક્રીંટની કામગીરી માટે અડધો કિમી દૂર બગલાદેવ સર્કલ પાસે જ એક તરફનો માર્ગ બંધ કરી દેવાયો

ઘેજ : ચીખલીમાં માર્ગ મકાન દ્વારા અક્કલનું પ્રદર્શન કરી કોલેજ સર્કલ પાસે કોન્ક્રીંટની કામગીરી માટે અડધો કિમી દૂર બગલાદેવ સર્કલ પાસે જ એક તરફનો માર્ગ બંધ કરી દેવાતા ભારે ટ્રાફિક જામ સાથે હાલાકી વધતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાઈ જવા પામ્યો હતો. માર્ગ મકાન વિભાગના અધિકારીઓના મનઘડત નિર્ણયને પગલે જામ સ્થાનિકો માટે માથાનો દુ:ખાવો બની જવા પામ્યો છે.

ચીખલીમાં વાંસદા રોડ પર હાઈવે ચાર રસ્તાથી કોલેજ સર્કલ સુધીની લંબાઈમાં દિવસ-રાત વાહનોની વ્યાપક અવર જવર રહે છે.

હાઈવે ઉપરાંત બીલીમોરાને જોડતા આ માર્ગ પર સરકારી, ખાનગી હોસ્પિટલો ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ, એસ.ટી.બસ સ્ટેન્ડ અને અનેક શોપિંગ મોલ અને મોટો રહેણાંક વિસ્તાર હોય લોકો માટે ખૂબ ઉપયોગી અને મહત્વનો છે. તેવામાં માર્ગ મકાન દ્વારા કોલેજ સર્કલ પાસે સિમેન્ટ કોન્ક્રીંટની કામગીરી માટે અડધો કિમી દૂર બગલાદેવ સર્કલ પાસે જ એક તરફનો માર્ગ બંધ કરી દેવાતા ભારે ટ્રાફિક જામ સાથે હાઈવે સુધી વાહનોની લાંબી કતાર લાગતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ માર્ગ પર ઘણી હોસ્પિટલો પણ ધમ ધમે છે. બીજી તરફ ખેરગામ અને અટગામ માર્ગની કનેક્ટિવિટી પણ છે. તેવામાં કોઈને ઈમરજન્સી સેવાની જરૂરિયાત ઉભી થાય તો શું સ્થિતિ સર્જાઈ તે સમજી શકાય તેમ છે.

#### જાહેરનામની સુચનાનો સરેઆમ ભંગ

ચીખલી કોલેજ સર્કલથી ભારે વાહનોની આલીપોર વસુધારા ડેરી હાઇવે ઓવરબ્રિજથી અવર જવર કરવાની જાહેરનામની સુચનાનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. કોલેજ સર્કલથી ચીખલી બજાર તરફ ભારે વાહનો બેરોકટોક પસાર થઈ રહ્યા છે. જેને પગલે જાહેરનામાનો ચુસ્ત પણે અમલ ન થવા સાથે આ કોમર્શિયલ ભારે વાહનો ટ્રાફિકમાં બાધારૂપ બની રહ્યા છે.

#### તમે અમારા કામમાં દખલ ન કરો

“મીડિયા કર્મી દ્વારા ચીખલી માર્ગ મકાનના નાયબ કાર્યપાલક ઈજનેર ભરત પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરતા જણાવ્યું હતું કે હાલે કોલેજ સર્કલ પાસે કોન્ક્રીંટનું કામ કરવાનું હોવાથી બગલાદેવ સર્કલ પાસે એક તરફનો માર્ગ બંધ કરાયો છે. તેમને સર્કિટ હાઉસ જંક્શન અંગે પૂછતા તમે અમારા કામમાં દખલ અંદાજી ન કરો તેમ જણાવ્યું હતું.

#### જંક્શન પાસેથી માર્ગ બંધ કરી શકાયો હોત

માર્ગ મકાન દ્વારા બગલાદેવ સર્કલના સ્થાને કોલેજ સર્કલ નજીક સર્કિટ હાઉસ સ્થિત જંક્શન પાસેથી પણ માર્ગ બંધ કરી શકાયો હોત. બગલાદેવ સર્કલ કરતા સર્કિટ હાઉસ પાસે મોટા વાહનો આરામથી વાળી શકાય એટલી વિશાળ જગ્યા પણ ઉપલબ્ધ છે. બીજી તરફ આ જંક્શનથી થાલા ગામમાંથી હાઇવે તરફ અને સામે ખૂંધ ગામમાંથી ખેરગામ રોડની પણ કનેક્ટિવિટી ઉપલબ્ધ છે. તેવામાં બગલાદેવ સર્કલ પાસેથી જ માર્ગ બંધ કરી દેવાતા માર્ગ મકાનના અધિકારીઓની અણ આવડત ઉજાગર થઇ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સરીગામ સહિત 7 સ્થળે આંગણવાડી બનશે

ઉમરગામ : ઇન્ડો કાઉન્ટ ફાઉન્ડેશન ભિલાડ દ્વારા સરીગામ ગામના ખાન ફળિયા સ્થિત આંગણવાડી કેન્દ્ર ખાતે કુલ 7 આંગણવાડી કેન્દ્રોના નવીનીકરણ પ્રોજેક્ટ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ CSR પ્રોજેક્ટ અંતર્ગત સરીગામની 4, કરમબેલેની 1 તથા ભિલાડની 2 આંગણવાડીનું નવીનીકરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઇન્ડો કાઉન્ટ કંપનીના મુંબઈ સ્થિત હેડ ઓફિસમાંથી ડી.પી. ગર્ગ તથા અખિલેશ શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યા હતા. ભિલાડ પ્લાન્ટના સિવિલ વિભાગ અને CSR ટીમ સાથે પંચાયત તરફથી સરપંચ સહદેવભાઈ વઘાત, પંચાયતના સભ્યો તથા યુવા ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન રાકેશ રાય ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડી વિભાગ તરફથી CDPO, ઉમરગામ તાલુકા આંગણવાડી વર્કર્સ, બાળકો અને માતાઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી. આ પ્રસંગે ઇન્ડો કાઉન્ટ ફાઉન્ડેશનના સક્ષમ આંગણવાડી પ્રોજેક્ટ અંતર્ગત “બાળકોના પ્રથમ 1000 દિવસ” પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો હતો. મેડિકલ વેન દ્વારા બાળકોનું વજન માપી આરોગ્ય અને પોષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. ગર્ગ સાહેબે ઇન્ડો કાઉન્ટ દ્વારા આ વિસ્તારમાં વધુ CSR પ્રવૃત્તિઓ તેમજ સરકારના સંકલન સાથે સક્ષમ આંગણવાડી પ્રોજેક્ટને અસરકારક રીતે આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### આજે નાનાપોંઢા ખાતે પ્રદેશ ભાજપના નવનિયુક્ત હોદેદારોનો અભિવાદન કાર્યક્રમ

વલસાડ : નાનાપોંઢા ખાતે 19 જાન્યુઆરી રવિવારે પ્રદેશ ભાજપ આદિજાતિ મોરચાના નવનિયુક્ત પ્રમુખ ગણપત વસાવાના અભિવાદન કાર્યક્રમનું આયોજન સવારે 9 કલાકે કરવામાં આવ્યું છે. ભાજપ પ્રમુખ હેમંત કંસારાની અધ્યક્ષતામાં યોજાનાર કાર્યક્રમમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી નરેશ પટેલ, લોકસભાના દંડક વલસાડ-ડાંગ સાંસદ ધવલ પટેલ, ગુજરાત વિધાનસભાના દંડક અને ડાંગના ધારાસભ્ય વિજય પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ અને ધારાસભ્ય અરવિંદ પટેલ, પ્રદેશ મંત્રી સોનલ સોલંકી સહિત ધારાસભ્ય જીતુ ચૌધરી ઉપરાંત હોદેદારો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ આદિવાસી-ડાંગી ઘેર અને ઘેરૈયા નૃત્ય,આદિવાસી ભોજન અને રોકી સ્ટાર બેન્ડ રહેશે.

### વલસાડની વીમ્સ હોસ્પિટલનો કર્મચારી ભંગારની ચોરી કરતા પકડાયો

વલસાડ : વલસાડની વીમ્સ હોસ્પિટલમાં ઇટીપી ઓપરેટર તરીકે ફરજ બજાવતો ધરમપુરનો એક કર્મચારી પોતાની કારમાં ભંગારની ચોરી કરી જઇ રહ્યો હતો. જેને સિક્યુરીટી સહિતના કર્મચારીઓએ પકડી તેની પાસેથી રૂપિયા 15 હજારની મત્તાનો ભંગારનો જથ્થો પકડી પાડ્યો હતો. જેના પગલે આખો મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. વલસાડની વીમ્સ હોસ્પિટલમાં ફરજ બજાવતો યોગીન છગન પટેલ (રહે. બામટી ધરમપુર) ગતરોજ પોતાની કારમાં હોસ્પિટલમાંથી ભંગારનો સામાન લઇ જઇ રહ્યો હતો. જેને જોઇ શંકા જતાં હોસ્પિટલ સિક્યુરીટી અને સ્ટાફે તેને પકડી તેની કારની જડતી લીધી હતી. જેમાંથી તેમને લોખંડની એંગલ, પાઇપનો ટુકડો સહિતનો રૂપિયા 15 હજારની મત્તાનો ભંગારનો જથ્થો મળી આવ્યો હતો. આ સંદર્ભે હોસ્પિટલના સીઇઓ ડો.અદિતી દેસાઇએ આ અંગે રૂરલ પોલીસને ફરિયાદ કરતાં પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### હાઇવે પર ધરમપુર ચોકડીના દબાણો હટાવાયા

વલસાડ : વલસાડ ધરમપુર ચોકડી નજીક હાઇવેના સર્વિસ રોડ પર અનેક દબાણો થઇ ગયા હતા. જ્યાં કાચા છાપરા તાણી વેપાર ચાલુ કરી દેવાયો હતો. જેના પર આજરોજ વલસાડ હાઇવે ઓથોરીટીનું સિટી પોલીસના સથવારે જેસીબી ફરી વળ્યું હતુ. વલસાડ હાઇવે પર ધરમપુર ચોકડી નજીક બનાવાયેલા નાના ઝુપડાઓનું નેશનલ હાઇવે ઓથોરિટીએ પોલીસને સાથે રાખી ડિમોલિશન કરી દીધું હતુ. છેલ્લા ઘણા સમયથી આ દબાણ જોવા મળ્યું હતુ. જોકે, અચાનક હાઇવે ઓથોરિટીએ આ દબાણો હટાવવાની કામગીરી કરી તેને દૂર કરાયું હતુ.

### ચીખલીના સાદકપોરમાં વાહનની ટક્કરે બાઇક સવાર યુવાનનું મોત

ઘેજ : વાંસદા તાલુકાના વાંદરવેલા બેડા ફળીયા ખાતે રહેતા સુનિલ રતિલાલ પટેલ (ઉ.વ-૨૭) ચીખલી નાનક સિલ્ક મ્યુઝિયમ ખાતે નોકરી કરતો હતો. શુક્રવારે સાંજે પોણા આઠેક વાગ્યે પોતાના હીરો હોન્ડા સ્પ્લેન્ડર નં-જીજે-૨૧-ડીસી-૨૩૩૫ લઇ પરત વાંદરવેલા જઇ રહ્યો હતો. દરમ્યાન ચીખલીના સાદકપોર ત્રીજા માઇલ ખાખરી ફળીયા પાસે પહોંચતા એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા સુનિલ પટેલની મોટર સાયકલ રોડની સાઇડે ૧૫ થી ૨૦ ફૂટ ખાડામાં પડી હતી. યુવકને માથાના ભાગે ગંભીર ઇજા થતા જેનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. જોકે અકસ્માત સર્જનાર અજાણ્યો વાહન ચાલક માનવતા નેવે મૂકી સ્થળ ઉપરથી ફરાર થયો હતો. ઉપરોક્ત બનાવમાં પોલીસે મૃતકના ભાઇ દેવેન્દ્રકુમાર રતિલાલ પટેલની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ-બી.સી.ગઢવી કરી રહ્યા છે.

### નડગધરી ગામમાં 8 ગૌવંશ વિતરણ કરાયા



સુરત : ધરમપુર તાલુકાના નડગધરી ગામે 8 ગૌવંશ વિતરણ કરવામાં આવ્યા હતા. નડગધરીના સરપંચ તથા તિથલના સરપંચ રાકેશ પટેલની મદદથી ગૌદાન કાર્યક્રમ ડો. આશા ગોહિલ દ્વારા યોજાયો હતો. તિથલ ગોદાવરી બાગ પાસે રહેતા હંસાબેન પટેલ દ્વારા આઠ ગૌવંશ પૂરા પાડવામાં આવ્યા હતા. જેના માટે આર્થિક સહાય ડો. સુધીર જોશી તથા પ્રા. ડો. જ્યોતિ જોશી તરફથી મળી હતી. કાર્યક્રમમાં ડો. સુધીર જોશી, ડો. જ્યોતિ જોશી, જયેશકુમાર ચૌહાણ (ઇન્ચાર્જ પ્રિ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરત), હાર્દિક પટેલ (એડવોકેટ, નોટરી), જે. સી. મિસ્ત્રી, દિપકભાઈ મર્ચન્ટ (બીલીમોરા) ઉપસ્થિત રહ્યા હતા. શ્રી બાબલભાઈ, સલમુભાઈ, માવજીભાઈ, સૂરજભાઇ ઉપસ્થિત રહ્યા હતા. ગૌદાન કાર્યક્રમ થકી પશુપાલનની ઘર બેઠાં આજીવિકા ઊભી થઈ રહી છે.

### બીલીમોરામાં રેલવે કર્મચારીનું ટ્રેન અડફેટે મોત, જ્યારે યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

બીલીમોરા : બીલીમોરા રેલવેમાં નોકરી કરતાં કર્મચારી ટ્રેન અડફતે આવી જતા મોતને ભેટ્યો છે, જ્યારે બીજા યુવાને જીઆઇડીસી સ્ટાફ ક્વોટર્સમાં ગળેફાંસો ખાઈને મોતને વહાલુ કર્યું છે. બીલીમોરા અશોક ગોહરબાગ અશોક હોસ્પિટલ પાછળ રહેતા જગદીશચંદ્ર મહેન્દ્રભાઈ દેસાઈ (ઉ.૫૪) બીલીમોરા ડેપોની સામેથી પસાર થતી ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોરની ડાઉનલાઇન પરથી પસાર થતી ટ્રેનની અડફેટે આવી જતા તેમને માથા, કપાળ અને જમણા પગ સાથે શરીરે નાની મોટી ઈજા થતાં તેઓનું કરુણ મોત નીપજ્યું હતું. બીલીમોરા સીટી પોલીસ એ અકસ્માત નોંધે તપાસ સુરેશ જેઠાભાઈને સોંપી છે. જ્યારે અન્ય બનાવવામાં આતલીયા જીઆઇડીસી કલ્પતરુ ઇન્ડસ્ટ્રીઝમાં કામ કરતા માલિક સુનિલ શાહ (ઉં.૨૬ રહે કલ્પતરુ ઇન્ડસ્ટ્રીઝના ક્વાટરમાં)ને જીઆઇડીસીમાં આપેલા રૂમના પહેલા માળે પતરાની ચેનલ સાથે પડદો બાંધી કોઈક અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેની તપાસ બીલીમોરાના મહિલા પીએસઆઇ કારૈના કરી રહ્યા છે.


**એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે**

૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં ઈન્ડસ્ટ્રિયલ માટે

ડોલવણ: ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર, પાટી, પાઠકવાડી, સિંઘાઈ (૨૨ થી ૨૫ વીંઘા)

અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.

મોબાઈલ નંબર: ૯૭૧૨૩ ૯૯૫૧૬